Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# આદિવાસીઓની વિસ્થાપનની સમસ્યા : અસરો અને ઉકેલો

**ડૉ. હિતેશ એન. જાગાણી**
મદદનીશ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ,
રાંધેજા,જિ.ગાંધીનગર - ૩૮૨૬૨૦ (ગુજરાત) મો. ૯૪૨૮૧૦૮૫૮૮
ઈ-મેઈલ-hitesh28jagani@gmail.com

**(૧) પ્રસ્તાવના**

સ્વતંત્રતા બાદ ભારતે રાષ્ટ્રનિર્માણ માટે આયોજીત વિકાસનો માર્ગ અપનાવ્યો. જેના ભાગ સ્વરૂપે ૧૯૫૧ થી પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆત થઇ. જેમાં મુખ્યત્વે આર્થિક વિકાસ પર વધુ ભાર મૂકવામાં આવ્યો. જે અંતર્ગત મોટી વિકાસ પરિયોજનાઓ, બંધો, મોટા કારખાનાં, ખાણ વગેરેની શરૂઆત થઇ. અર્થતંત્રની વૃદ્ધિ અને શહેરીકરણના અસરને લીધે આંતરમાળખાકીય સવલતોમાં રોકાણ અને વિસ્તૃતીકરણની જરૂરિયાત ઊભી થઇ. જેના પરિણામે નવા ઔદ્યોગિક સાહસો, સેવાઓ, વાણિજ્યિક સાહસો, સંદેશાવ્યવહાર, રસ્તાઓ, પરિવહન, સિંચાઇ, પાણી, વિજળી માટે જમીનની આવશ્યકતા ઊભી થાય છે. જમીન એ મૂલ્યવાન કુદરતી સંપત્તિ છે. આ વિવિધ વિકાસ પરિયોજનાના અમલીકરણ માટે જમીન મેળવવા માટે જે તે વિસ્તારમાં વસ્તી વસવાટ કરે છે તેમને વિસ્થાપિત કરવી પડે છે.

સમગ્ર વિશ્વમાં આદિવાસી વસ્તીની દ્રષ્ટિએ ભારતનો ક્રમ બીજો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ૮.૬ ટકા અને ગુજરાતમાં ૧૪.૮ ટકા વસ્તી આદિવાસીઓની છે.

વિશાળ વિકાસ પરિયોજનાઓ વિકાસનો ભોગ બનેલાઓનું સર્જન કરે છે. જેમાંના મુખ્ય આદિવાસી સમુદાયના લોકો છે. રાષ્ટ્રના વિકાસમાં આદિવાસી લોકોએ સૌથી વધુ કિંમત ચૂકવી છે. કારણ કે મોટાભાગની વિકાસ પરિયોજનાઓ તેમના વસવાટના વિસ્તારમાં બની છે. કુદરતી સંસાધનોથી તેમના વસવાટનો વિસ્તાર ખૂબ જ સમૃદ્ધ છે. અભ્યાસ અનુસાર ૯૦ ટકા કોલસો અને બાકીના ૫૦ ટકા ખનીજો તેમના વિસ્તારમાં આવેલા છે.

મોટી વિકાસ પરિયાજનાઓના પરિણામ સ્વરૂપે લાખો લોકોનું દબાણપૂર્વકનું વિસ્થાપન થયું છે. જેમાંના મોટાભાગના વર્ષોથી પરંપરાગત ઢબે વસવાટ કરતા આદિવાસીઓ છે. કુદરતી સંસાધનોનો બગાડ તથા શોષણ થવાના લીધે જંગલ, જમીન, જળ અને જાનવરો સામે ખતરો પેદા થયો. જે આદિવાસીઓના જીવનનિર્વાહનો આધાર હતો, તેઓ પ્રદૂષિત થતા વિસ્થાપન થયું. સમૃદ્ધ કુદરતી સંસાધનો આદિવાસી વસવાટનાં વિસ્તારમાં આવેલા હોવાથી વિકાસ પ્રક્રિયાના પરિણામે તેઓ અસરગ્રસ્ત થયા છે.

**(૨) હેતુ અને પદ્ધતિશાસ્ત્ર**

પ્રસ્તુત સંશોધનપત્રનો મુખ્ય હેતુ આદિવાસીઓના વિસ્થાપનની સમસ્યાનો અભ્યાસ કરવાનો છે. તે અંતર્ગત શા માટે આદિવાસીઓનું વિસ્થાપન થાય છે ? તેનું આંકડાકીય હકીકતોના આધારે વિશ્લેષણ કરી વાસ્તવિક બાબતોથી વાકેફ કરવાનો છે. વિસ્થાપનની આદિવાસીઓ પર શું

અસરો થાય છે અને અંતમાં આદિવાસીઓના વિસ્થાપનની સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવી શકાય એ હેતુઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધનપત્ર ગૌણ માહિતીના આધારે તૈયાર કરી વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવેલ છે. આ માટે ૧૯૪૭ થી લઇને આજ દિન સુધીના સંશોધન અભ્યાસનો આધાર સંદર્ભ તરીકે લેવામાં આવેલ છે.

**(3) ચાવીરૂપ શબ્દો**

**૧). આદિવાસી**

ડી. એન. મજુમદાર અનુસાર, "આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું અંતર્વિવાહી સામાજિક જૂથ છે. જેમાં કાર્યોના વિશેશીકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી શાસન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીનું એક્ય હોય છે. અન્ય આદિવાસીઓથી સામાજિક અંતર ધરાવે છે અને તેઓ આદિમ પ્રણાલિકાઓ તેમજ રીવાજોને અનુસરે છે." (મજુમદાર ડી. એન. : ૧૯૪૪, ૧૦૨).

આદિવાસી એ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત બોલી અને નિશ્ચિત સંવાદિતા ધરાવતો સમૂહ છે જે એક સરખું સામાજિક સંગઠન ધરાવે છે. આદિવાસી ગોત્રોના ઉપસમૂહોમાં વહેંચાયેલા હોય છે. તેઓ એક સામાન્ય પૂર્વજ તથા રક્ષક દેવતા હોય છે. આર્થિક, સામાજિક, ધાર્મિક, કૌટુંબિક અને રક્ત સબંધો દ્વારા તેઓ ગુંફિત હોય છે. તેઓમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વાર્પણની તીવ્ર ભાવના હોય છે. પોતાના સમુદાય અને મુખી પ્રત્યેની વફાદારી દ્રષ્ટિગોચર થાય છે. આદિવાસી સભ્યો લગ્ન, વ્યવસાય અને ઉદ્યોગોના સંદર્ભમાં કેટલાક નિષેધોનું પાલન કરે છે.

**૨). વિસ્થાપન**

વિસ્થાપન એટલે વ્યક્તિ, પરિવાર અથવા જૂથના વસવાટના એક સ્થાનથી કોઈ બીજા સ્થાન પર દબાણપૂર્વક સ્થાનાંતરણ. વ્યક્તિ અથવા સમાજની પ્રગતિ માટે સ્થાયિત્વ - સ્થિરતા આવશ્યક છે.

**વિસ્થાપન** એટલે કે જેઓના વસવાટના સ્થાનથી ફરવા માટે દબાણ કરવામાં આવે છે. બિન સ્વૈચ્છિક ગતિશીલ સમુદાયની પ્રક્રિયા છે.

**૪). વિસ્થાપિત**

વિસ્થાપિત એટલે કે જે સ્થાપિત છે, સ્થિર છે, તેને હટાવવા. કોઈ ચોક્કસ ભૌગોલિક સ્થાન પર વસવાટ કરતાં લોકોને બળપૂર્વક દૂર કરવા અથવા તે જગ્યા ખાલી કરાવવી.

વિસ્થાપિત એટલે જેમને પોતાના વસવાટના સ્થાનથી હટાવી દેવામાં આવ્યા છે, જેમનું નિવાસસ્થાન છીનવી લેવામાં આવ્યું છે, તેવા વ્યક્તિ, કુટુંબો કે જૂથો.

જેમને ભૌતિક રીતે એક સ્થાનેથી બીજા સ્થાને ફરીથી વસાવવામાં આવ્યા છે તેવા લોકો અથવા જે પોતાની જમીન અને ઘર બેઉ ગુમાવે છે અને સ્થળાંતર કરે છે તેવા લોકો એટલે વિસ્થાપિતો.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના મતે વિસ્થાપિત લોકો એટલે એવા લોકો અથવા લોકોનો સમૂહ કે જેઓને પોતાના કાયમી વસવાટના સ્થળને છોડવા માટે દબાણ કરવામાં આવે છે. જે માનવ અધિકારનો ભંગ છે.

**૫). વિકાસ**

યુનાઈટેડ નેશન્સના મતે વિકાસનો છેવટનો હેતુ લોકોને સારા જીવન માટેની તકો પૂરી પાડવી, શિક્ષણ, આરોગ્ય, પોષણ, રહેઠાણ, સામાજિક કલ્યાણ અને પર્યાવરણની સુરક્ષા માટેની સગવડો સુધારવી અને વિસ્તૃત કરવી.

વિકાસ એટલે માનવીનો સર્વાંગી વિકાસ. સમાજના દરેક ક્ષેત્રોમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સામાજિક, આર્થિક અને રાજકીય નિર્ણયો લેવાની પ્રક્રિયામાં સક્રિય લોકભાગીદારી રહેવી. માનવજીવનને સ્પર્શતા તમામ પાસાઓ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પ્રગતિ થાય.

વિકાસ એટલે વ્યક્તિગત પસંદગીમાં વધારો, આવકમાં સુધારો, મુલ્યોની સામાજિક જીવનમાં બંધુત્વ અને સુગ્રથિતતાની જાળવણી છે. વિકાસ એ સમાજમાં પોતાના વિકાસને આધાર આપતી પ્રકિયા છે. માનવીની પ્રાથમિક જરૂરિયાતોનો સંતોષ એટલે વિકાસ. વિકાસ એ માનવીને જાગૃત કરી સ્વનિર્ભર તથા સ્વમાની બનાવી શોષણમાંથી મુક્તિ અપાવે છે. વિકાસ હંમેશા ન્યાયી, સ્થાયી, સંતુલિત, સર્વાંગી, માનવીય ચહેરાવાળો અને માનવકેન્દ્રી હોવો જોઈએ.

માનવ વિકાસ એટલે લોકોની ક્ષમતા વધારવી જેથી જીવનમાં લોકો વધુ તક પ્રાપ્ત કરી શકે. માનવ વિકાસના મૂળભૂત ખ્યાલમાં પાંચ પરિમાણોનો સમાવેશ થાય છે. (૧) સશક્તિકરણ (૨) સહકાર (૩) ક્ષમતા (૪) સ્થિરતા (૫) સુરક્ષા.

**(૪) આદિવાસી વિસ્થાપન : આંકડાકીય દ્રષ્ટિક્ષેપ**

ભારતમાં સ્વતંત્રતા બાદ વિવિધ મોટી વિકાસ પરિયોજનાઓના લીધે લાખો લોકોનું વિસ્થાપન થયું છે. એ અંગેના કોઇ વિશ્વસનીય આંકડાઓ જોવા મળતા નથી. માત્ર થોડા અધિકૃત આંકડાઓ જોવા મળે છે. આદિવાસી વિસ્થાપન અંગે વિવિધ વિદ્વાનો, સમાજશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકર, કર્મશીલો તથા સંશોધકો દ્વારા વિવિધ અભ્યાસો થયા છે. આદિવાસી વિસ્થાપન આંકડાકીય દ્રષ્ટિક્ષેપ અહીં નીચે રજૂ કરવામાં આવેલ છે.

**કોષ્ટકનું નામ: ભારતમાં ૧૯૫૧ થી ૧૯૯૦ ના સમયગાળા દરમ્યાન વિવિધ વિકાસ પરિયોજનાના કારણે કુલ વિસ્થાપિત લોકો તથા અનુસૂચિત જનજાતિના લોકોની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| પરિયોજનાનો પ્રકાર | વિસ્થાપિત લોકો (લાખમાં) | ટકાવારી | અ.જ.જા. વિસ્થાપન (લાખમાં) | ટકાવારી |
|---|---|---|---|---|
| ડેમ | ૧૬૪ | ૭૭ | ૬૩.૨૧ | ૩૮.૫ |
| ખાણ | ૨૨.૫ | ૧૨ | ૧૩.૩૦ | ૫૨.૨ |
| ઉદ્યોગો | ૧૨.૫ | ૫.૯ | ૩.૧૩ | ૨૫.૦ |
| અભ્યારણ્ય | ૬.૦ | ૨.૮ | ૪.૫ | ૭૫.૦ |
| અન્ય | ૫.૦ | ૨.૩ | ૧.૨૫ | ૨૫.૦ |
| કુલ | ૨૧૩.૦ | ૧૦૦ | ૮૫.૩૯ | ૪૦.૯ |

સ્ત્રોત : ફર્નાન્ડીઝ અને પરાંજપે, ૧૯૯૭, ૨૪-૩૨

ઉપરોક્ત કોષ્ટકના આધારે એવું કહી શકાય કે ઝડપી ઔદ્યોગિકરણના લીધે કાયમી ધોરણે વર્ષોથી વસવાટ કરતા ૩.૧૩ લાખ આદિવાસીઓએ વિસ્થાપન કરવું પડ્યું છે. ખાણના લીધે ૧૩.૧૩

લાખ આદિવાસીઓએ વિસ્થાપિત થઇને જમીન છોડવી પડી છે. ખાણના લીધે તેમના જીવનનિર્વાહ પર પણ અસર થઇ છે. પાણીના સ્તરને વિક્ષેપ પહોંચે છે. ફળદ્રુપ જમીનના પ્રમાણમાં ઘટાડો થાય છે અને જંગલ વિસ્તાર ઓછો થાય છે. આમ, એક સમસ્યા અનેક સમસ્યાઓને જન્મ આપે છે.

૧. ૧૯૫૧ થી ૧૯૯૦ના સમયગાળા દરમ્યાન આયોજિત વિકાસની દરમિયાનગીરીથી ૧૧૦ લાખથી ૧૮૫ લાખ લોકો વિસ્થાપિત થયા (ફર્નાન્ડિઝ અને ઠુકરાલ,૧૯૮૯:૪).
૨. એક બીજા અંદાજ અનુસાર ૨૧૩ લાખ લોકો વિવિધ વિકાસ પરિયોજનાઓના લીધે વિસ્થાપિત થયા છે (ફર્નાન્ડિઝ અને પરાંજપે :૧૯૯૭:૧૫).
૩. કોઠારી (૧૯૯૬) ના મતે ભારતમાં સ્વતંત્રતા બાદ ૪ કરોડ લોકો વિસ્થાપિત થયા છે જેના કારણે તેઓ કાયમી ધોરણે પોતાના ઘરથી મૂળ સોતા ઉખડી ગયા.
૪. વિવિધ વિકાસ પરિયોજનાઓમાં ડેમ વિસ્થાપનનું સૌથી મોટું પરિબળ છે. મોટા બંધો, જળ વિદ્યુત ઉત્પાદન એકમો, સિંચાઇ પરિયોજનાઓ વગેરે.
૫. ગાડગીર અને ગુહા (૧૯૯૮) ના મતે ૬૦ ટકા આદિવાસીઓ વિકાસ પરિયોજનાઓના લીધે વિસ્થાપિત થયા છે.
૬. વી.પી. પટેલ (૧૯૮૬:૮૦) ૮૫ ટકા અનુસુચિત જનજાતિના લોકો જમીનવિહોણા બની ગયા.
૭. નાગાર્જુન પરિયોજનામાં ૩૬ ટકા આદિવાસીઓ વિસ્થાપિત થયા. (મૃદુલા સિંઘ અને આર.કે. સામેત રાય,૧૯૯૨ : ૬૩).
૮. ૯૦ ટકા કોલસો તથા બાકીના ૫૦ ટકા ખનીજો તેમના વિસ્તારમાં આવેલા છે. આદિવાસી વસવાટના વિસ્તારમાંથી કોલસો, બોક્સાઇટ, અબરખ તથા અન્ય ખનીજો ભરપુર પ્રમાણમાં મળી આવતી હોવાથી ૧૯૯૩ની સ્થિતિએ ભારતમાં કાર્યરત ૪૯૮ ખાણોમાંથી ૪૮૫ (૯૮ટકા) ખાણો આદિવાસી વસવાટના વિસ્તારમાં આવેલી હતી (ફર્નાન્ડિઝ, ૧૯૯૧).
૯. મોટા તથા મધ્યમ સ્તરના ડેમ, કેનાલના લીધે ૬૩.૭૧ લાખ આદિવાસીઓ વિસ્થાપિત થયા છે. અભ્યારણ્ય તથા વન્ય જીવોના સંરક્ષણના લીધે ૪.5 લાખ અને સમગ્ર વિકાસ પરિયોજનાઓના લીધે ૧૯૫૧ થી ૧૯૯૧ ના સમયગાળા દરમ્યાન ૮૫.૩૯ લાખ આદિવાસીઓ વિસ્થાપિત થયા છે. જે દેશની આદિવાસીની કુલ વસ્તીના ૧૦ ટકા જેટલો થવા જાય છે (શર્મા, ૧૯૯૦).
૧૦. વર્લ્ડ બેંકની ટીમના અભ્યાસ અનુસાર વિશ્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ મિલિયન લોકો વિસ્થાપિત થયા છે જેમાં એશિયા અગ્રસ્થાને છે.
૧૧. છેલ્લા ૪૦ વર્ષમાં ૨૧ મિલિયન લોકો ભારતમાં મોટા બંધોના લીધે વિસ્થાપિત થયા છે.
૧૨. ૧૯૯૧ની વસ્તી ગણતરી અનુસાર ૧૯૯૦ સુધીમાં ૫૫ ટકા આદિવાસીઓ વિકાસ પરિયોજનાઓના લીધે વિસ્થાપિત થયા છે.
૧૩. આદિવાસી વિભાગના મંત્રાલય અનુસાર ૧૯૯૦ સુધીમાં ૮૫ લાખ આદિવાસીઓ વિસ્થાપિત થયા.
૧૪. ડેમ બાંધવાની દ્રષ્ટિએ ભારતનો ક્રમ વિશ્વમાં બીજો છે.
૧૫. નવા બંધો બાંધવાના લીધે વિશ્વમાં દર વર્ષે ૧.૨ મિલિયનથી ૨.૧ મિલિયન લોકોનું વિસ્થાપન થાય છે (cernea, ૧૯૯૧).

૧૬. નલીન નેગી અને સુજાતા ગાંગુલીના અભ્યાસ અનુસાર (૨૦૧૧) છેલ્લા ૫૦ વર્ષોમાં ૫૦ મિલિયન લોકો વિકાસ પરિયોજનાના લીધે વિસ્થાપિત થયા છે.

**૫. વિસ્થાપનની આદિવાસીઓ પર અસરો**

૧. આધુનિક કુશળતાના અભાવે આધુનિક અર્થતંત્રમાં પ્રવેશી શક્તા નથી.

૨. સરકાર દ્વારા તેમની સહાય માટેના પ્રયાસો થતા નથી.

૩. સાંસ્કૃતિક ઓળખ - અસ્મિતા ગુમાવી દે છે. ધોરણો, પરંપરા, માન્યતાઓ, તહેવારો, કર્મકાંડ, સંગીત, નૃત્ય, કળા, સામાજિક સંગઠનો, સામુદાયિક જીવન સામે ખતરો પેદા થાય છે, ભૂંસાઇ જાય છે.

૪. પુનર્વસન તથા પુનઃસ્થાપન બરોબર થતું નથી. જે ગુમાવ્યું છે તે પાછું મળતું નથી. પૂરતું વળતર મળતું નથી.

૫. નવી પરિસ્થિતિ, નવા વાતાવરણમાં અનુકૂલન ન સધાતા સમાયોજનાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

૬. રાજ્યો-રાજ્યો તથા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલનના અભાવે સહન કરવું પડે છે.

૭. દસ્તાવેજો, પુરાવાઓના અભાવે સહાયથી વંચિત રહેવું પડે છે.

૮. સંપોષિત અનૌપચારિક સામાજિક ગુંફનથી જીવતો આદિવાસી સમુદાય વિસ્થાપનથી કુટુંબતંત્ર વિખેરાઇ જાય છે. સામાજિક રીતે છૂટાછવાયા બની જાય છે.

૯. વિસ્થાપન પહેલા જમીનનો માલિક છે, વિસ્થાપન બાદ જમીનવિહોણા બની માલિક મટી મજૂર બની જાય છે.

૧૦. સામુદાયિ સંપત્તિના સંસાધનો ગુમાવવા પડે છે. અન્ન અસલામતીનો પ્રશ્ન ઊભો થાય છે. સીમાંતીકરણની સ્થિતિ પેદા થતા હાંસિયામાં ધકેલાઇ જાય છે.

૧૧. રોગીષ્ટતા તથા મૃત્યુદરમાં વૃદ્ધિ થાય છે.

૧૨. ગૌચરની જમીન નાબૂદ થવાના લીધે પશુઓ માટે ચરિયાણના પ્રશ્નો ઉભા થાય છે.

૧૩. સૌથી વધુ ખરાબ અસરો મહિલાઓ પર થાય છે. બળતણ – ઘાસચારો ખોરાક એકત્ર કરવા માટે દુર દુર જવું પડે છે. તેના માટે વધુ સમય પસાર કરવો પડે છે. શ્રમ બજારમાં ભાગીદાર થઇ શક્તી નથી (અગ્નિહોત્રી,૧૯૯૬).

૧૪. બાળકો માટે શાળા પહોંચક્ષમ બનતી નથી. પરંપરાગત સામાજિકરણની પ્રક્રિયામાં સુગ્રથન કરી રહ્યું છે (મહાપાત્રા,૧૯૯૬).

૧૫. સામાજિક-આર્થિક રીતે બાકાત થઇ જાય છે. ભૌગોલિક વિસ્તારથી બાકાત બની જાય છે.

૧૬. વિસ્થાપનના ગંભીર પરિણામો ભોગવવા પડે છે. વિસ્થાપન વિવિધ બાબતોથી વંચિત બનાવે છે. જે તેઓના જીવન સાથે જોડાયેલ મૂળભૂત બાબતો જેવી કે મકાન, ઉત્પાદકીય સંપત્તિ, જીવનનિર્વાહ કુશળતા, સામુદાયિક ગૂંફન, સ્થાનિક હોવાની ભાવના, વાતાવરણ વગેરે.

૧૭. સામાજિક સંગઠનનું માળખું તૂટી જાય છે. સગપણ, સંબંધો, કુટુંબનું વ્યવસ્થાતંત્ર, અનૌપચારિક સામાજિક જોડાણ, સ્થાનિક શ્રમ બજાર, પરંપરાગત સંચાલનતંત્ર,

સમુદાય અને કુટુંબના સંબંધોમાં ભંગાણ, સામુદાયિક સુરક્ષા, ગામની વિવિધ જ્ઞાતિઓ-જાતિઓ વચ્ચેના સંબંધોમાં ભંગાણ વગેરે પ્રશ્નો પેદા થાય છે.

૧૮. પર્યાવરણને નુકસાન થવાથી તેનો વિનાશ થાય છે. જીવનનિર્વાહ ગુમાવવો પડે છે. ખેતીલાયક જમીનનો નાશ થવાથી રોજગારી ગુમાવવી પડે છે.

૧૯. આરોગ્ય વિષયક સમસ્યાઓ પેદા થાય છે. નવા-નવા વિવિધ રોગોનો ભોગ બને છે. માનસિક તનાવ પેદા થાય છે. વન ઔષધિ નાશ પામે છે.

૨૦. બજાર અને અર્થતંત્ર પર વિપરીત અસર ઊભી થાય છે. હાટ વસ્તુ વિનિમય પ્રથા નાબૂદ થાય છે.

૨૧. સરકાર સામે સંઘર્ષ થાય છે. અજંપાભરી અશાંત સ્થિતિનું સર્જન થાય છે. નકસલવાદને વેગ મળે છે.

**૬. ઉપાયો**

૧. એવી વિકાસ પરિયોજનાઓ બનાવવી કે જેમાં ઓછામાં ઓછું વિસ્થાપન થાય.

૨. વિસ્થાપનનો ભોગ બનનારની સંમતિ લેવામાં આવે.

૩. પુનર્વસન અને પુનઃસ્થાપનની પ્રક્રિયામાં વિસ્થાપિતોની ભાગીદારી હોય તેમજ તેઓની જરૂરિયાત અને રસરૂચિ મુજબની વિસ્થાપન નિતી બનાવવામાં આવે.

૪. પુનર્વસન તથા પુનઃસ્થાપનમાં જે ગુમાવ્યું છે તે મળવું જોઇએ.

૫. જે હેતુ માટે જમીન સંપાદિત કરવામાં આવી છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ થવો જોઇએ તેમજ ઉપયોગ થયા વગર વણવપરાયેલ જમીનને પાછી આપવી જોઇએ.

૬. જાહેર હેતુની સ્પષ્ટ વ્યાખ્યા થવી જોઇએ. જમીન અને આજીવિકાના સંદર્ભમાં ખાસ સહાય તથા વળતર મળવું જોઇએ.

૭. વિકાસ પરિયોજનામાં તેમનો ભોગ હોવાથી વિકાસના ફળોનો લાભ તેમને મળવો જોઇએ.

૮. સામાજિક પર્યાવરણીય અસર તપાસ ખાસ કરાવવી જોઇએ.

૯. આદિવાસી વિસ્થાપન પ્લાન ખાસ બનાવવામાં આવે. તેમાં બળતણ, ઘાસચારો, વનપેદાશો, લાકડું, શાળા, દવાખાનું, રસ્તા, વિજળી, પાણી, પંચાયતઘર, દુકાન, મંદિર, સ્મશાન, હાટ વગેરે બાબતોને આવરી લેવામાં આવે.

૧૦. જમીન સંપાદન અધિનિયમ –૧૮૯૪, રાષ્ટ્રીય પુનઃસ્થાપન પુનર્વસન નીતિ – ૨૦૦૭, જમીન સંપાદન પુનર્વસન પુનઃસ્થાપન બીલ – ૨૦૧૧ અને પુનર્વસન અને પુનઃસ્થાપન કાયદો – ૨૦૧૩ નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

**૬. સમાપન**

ભારતીય બંધારણ સમક્ષ તમામ નાગરિકો સમાન છે. તો શા માટે આદિવાસીઓને તેમની પરંપરાગત જમીન અને જીવનશૈલી માટે દબાણપૂર્વક કિંમત ચૂકવવી પડે છે. વર્ષોથી તેઓ જંગલનું જતન કરતા આવ્યા છે. LPG, SEZ, SIR ના નામે સમૃદ્ધ ઔદ્યોગિક જૂથો તથા સરકાર દ્વારા કુદરતી સંસાધનોનું શોષણ કરવામાં આવે છે. આદિવાસી વિસ્થાપન એ પસંદગી નહી, પરંતુ દબાણ છે. જીવનના અસ્તિત્વનો સવાલ છે. ફરજિયાતપણે છે. સમગ્ર આદિવાસી સમુદાયને અસર કરે છે.

વિસ્થાપન એ વૈશ્વિક માનવ અધિકાર હનનની સ્થિતિ દર્શાવે છે. સંમતિ લેવામાં આવતી પણ નથી અને જાણ પણ કરવામાં આવતી નથી.

૧૦). સંદર્ભ ગ્રંથ

➢ ગુજરાતી

(૧) લોબો લેન્સી અને કુમાર શશીકાંત. ૨૦૦૭. *ગુજરાતમાં વિસ્થાપન.* વડોદરા: સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટ

➢ હિન્દી

(1) **विध्याआश्रम. २०११. *विस्थापन रोको.* वाराणसी: विध्या आश्रम, सारनाथ**

➢ અંગ્રેજી

(1) Cernea, Michael M. (2007), Financing for Development: Benefit Sharing Mechanisms in Population Resettlement., Economic and PoliticalWeekly, vol. 42, no. 12, no. 12, 24 March.

(2) Fernandes, W. and E.G.Thukral. 1989. "Introduction:Questions on Development, Displacement and Rehabilitation" in W.Fernandes and E.G.Thukral (ed.) *Development, Displacement and Rehabilitation*.New Delhi: Indian Social Institute.

(3) Fernandes,Walter and Vijay Paranjpye (1997), .Hundred Years of Displacement in India: Is the Rehabilitation Policy an Adequate Response?. InWalter Fernandes and Vijay Paranjpye (eds), Rehabilitation Policy and Law in India: A Right to Livelihood, New Delhi: Indian Social Institute, pp. 1.34.

(4) Fernandes, Walter. 1991:"power and powerlessness: Development projects and Displacement of Tribals", Social Action, 41(3): 243-270.

(5) GOI (Government of India) (1985), Report of the Committee on Rehabilitation of Displaced Tribals due to Development Projects,NewDelhi: Ministry ofHomeAffairs.

(6) *Human Rights in India Status Report 2012*. Working Group on Human Rights in India and the UN, New Delhi.

(7) IIT, Roorkee. February, 2011 *Development Projects VS Internally Displaced Population in India* : A Literature Based Apprisal. Roorkee: IIT.

(8) Internal Displacement Monitoring Centre. november 2011. *Ethnic violence and internal displacement in north-east India*. Geneva : Internal Displacement Monitoring Centre.

(9) Lobo, Lancy and Kumar, Shashikant. 2009. *Land Acquisition, Displacement and Resettlement in Gujarat 1947-2004*. New Delhi: Sage Publication India Pvt. Ltd.

(10) Mahapatra, L.K. (1999), Resettlement, Impoverishment and Reconstruction in India, Development for the Deprived, New Delhi: Vikas Publishing House.

(11) Loksabha Secretariat. 2013. *Displacement and Rehabilitation of People Due to Developmental Projects*. Delhi: Parliament Library and Reference, Research,Documentation and Information Service(LARRDIS).

(12) Majumdar D. N. : *Races and cultures of India*, Universal Publishers Ltd., Lucknow, 1944

(13) Ray Parshuram**.** *Development Induced Displacement in India*. Sarwatch Vol. 2 No.1 July 2000.

(14) Thakkar Himanshu. *"Large Dam Projects and Displacement in India"*, In his presentation to the World Commission on Dams (WCD), March, 2000.

(15) W. Courtland Robinson. 2003. *Risks and Rights: The Causes, Consequences, and Challenges of Development-Induced Displacement*. Washington: The Brookings Institutions – SAIS Project On Internal Displacement.